# ઉજ્જીવન ફાઈનાન્શિયલ ૨૮મીએ મૂડીબજારમાં

અમદાવાદ,

આ ઉજ્જીવન ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ અથવા નોન બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપની-માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂશન (એનબીએફસી-એમએફઆઈ) છે, જેણે ૨૦૦૫માં નોન એનબીએફસી તરીકે કામગીરી શરૂ કરી હતી. તે કંપનીનો આઈપીઓ ૨૮ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ખુલશે અને ૦૨ મે, ૨૦૧૬ના રોજ બંધ થશે. તેની પ્રાઈઝ બેન્ડ રૂ.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર દીઠ રૂ.૨૦૭ થી રૂ.૨૧૦ છે.

આઈપીઓમાં કંપનીના કુલ રૂ૩,૫૮૧.૬૧ મિલિયનના નવા ઈક્વિટી શેર ઈશ્યૂ થશે અને એલીવર, એફએમઓ, આઈએફસી, આઈએફઆઈએફ, એમયુસી, સર્વ કેપિટલ, ડબલ્યુસીપી અને ડબલ્યુડબલ્યુબી દ્વારા ૨૪,૯૯૮,૩૩૨ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (ઓએફએસ) ઈશ્યૂ થશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપનીને કુલ રૂ.૨,૯૧૮,૩૯ મિલિયનનું મૂલ્ય ધરાવતા ૧૪,૨૩૬,૦૫૭ ઈક્વિટી શેરનું પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટ પૂર્ણ કર્યું છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ના ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસમાં જાહેર કર્યા મુજબ નવા શેરની સાઈઝમાં રૂ.૬,૫૦૦ મિલિયન મુજબ ઘટાડો થયો છે.

કંપની નવા ઈશ્યૂ કરાયેલા શેરમાંથી જે આવક થશે તેનો ઉપયોગ તેનો મૂડીગત આધારવ ધારવા માટેની યોજના ધરાવે છે, એમ કંપનીના એમડી શ્રી સમીત ઘોષે જણાવ્યું હતું.

૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ કંપની સમગ્ર ભારતમાં ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો તથા ૨૦૭ જિલ્લાઓમાં કામગીરી ધરાવે છે, જે તેને વ્યાપક ભૌગોલિક પહોંચ સાથે માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂશન બનાવે છે. તે ૪૭૦ શાખાઓ અને ૭,૮૯૨ કર્મચારી મારફતે ૨૭.૭ લાખ સક્રિય ગ્રાહકોને સેવા આપે છે તથા ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ ૦.૧૫ ટકા ચોખ્ખી એસેટ અન્ડર મેનેજમેન્ટની ટકાવારી તરીકે કુલ એનપીએના પોર્ટફોલિયો ગુણવત્તાયુક્ત સંકેત સાથે રૂ.૪૫.૮૯ અબજના કુલ એમયુએમ ધરાવતી હતી.